# રાજ્યના ઈ-ગ્રામના હજારો કોમ્પ્યુટર એન્ટ્રોરપીન્યોરને વેતન આપવા માંગ

મોડાસા, તા.૧૧

રાજ્યની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ ગ્રામ્ય પંચાયતોમાં છેલ્લા કેટલાક વર્ષોથી વીસીઈ (વિલેજ કોમ્પ્યુટર એન્ટ્રોરપીન્ચયોર) તરીકે પોતાની ફરજ બજાવે છે. તમામ વહીવટી કામગીરી પણ કરે છે.જે પંચાયતમાં વીસીઈ તરીકે કામ સોંપેલું હોય ત્યાં તલાટી ભલે જોવા ન મળે પણ સ્થાનિકોને આ નાનો ઈસીઈનું કામ કરતો માણસ તો અવશ્ય કોમ્પ્યુટર ઉપર કામ કરતો જ જોવા મળે. છતાં આવા સતત લોકોને મદદરૂપ થતા પંચાયતના વીસીની હજુ સરકારે કોઈ જ કદર કરીને એને સારા પોષણક્ષમ એવા વેતનમાં સમાવેલ નથી.

ગુજરાત સરકારે તકનીકી માધ્યમથી વહીવટ દ્વારા લોકોના કામો ઝડપી અને સરળ થાય તેવા શુભ હેતુથી વર્ષ ૨૦૦૬થી ઈ-ગ્રામ વિશ્વગ્રામ પ્રોજેકટ શરૂ કરતાં આવા રાજ્યમાં ૧૩૫૦૦ જેટલા ઈ-ગ્રામ સેન્ટરો કાર્યરત કર્યા છે જેમાં વીસીઈ વિલેજ કોમ્યુટર એન્ટ્રોરપીન્ચયોર નું પોસ્ટિંગ કર્યું છે.

જેમાં આ વીસીઈ જનતાને જરૂરી દાખલા, પ્રમાણપત્રો, ખેડૂતોને ઓન લાઈન જમીનની વિગતો આપવાની કામગીરી કરી રહયા છે. પરિણામે ગામના છેવાડેના નાનામાં નાના માણસને આ સેવાઓ વીસીઈ માધ્યમ બનીને સંતોષકારક સેવાઓ આપી રહ્યા છે. એમને માત્ર સ્થાનિકો પાસેથી મળતી મામુલી ફી ની રકમમાં જ ગુજારો કરવો પડે છે. પુરા સમયના કાયમી કર્મચારીઓ કરતા પણ વધુ સારું કામ, પૂરો સમય આપીને કરનાર વીસીઈને અન્ય કર્મચારીઓની જેમ સરકારમાં સમાવી વેતન ચૂકવાય તેવી લાંબા સમયની માંગ સ્વીકારવામાં આવે તો ગ્રામ પંચાયતોમાં હજુ પણ વધુ ઉત્સાહથી આ વીસીઈ કામ કરવા ઉત્સુક છે.

ખૂબ પ્રામાણિકતાથી કામ કરી રહેલ ઈ-ગ્રામન વીસીઈ સેન્ટરો ઉપરના વીસીઓએ અગાઉ અનેકવાર રેલીઓ, આવેદનપત્રો સાથે કરેલી માંગણીઓ અને રજૂઆતો પછી પણ આ મુદ્દે સરકારે હજુ કઈ હકારાત્મક પ્રતિભાવ આપ્યો નથી. પોતાના ગામમાં એકેક વ્યક્તિનો સંપર્ક ધરાવતા વીસીઈ સરકારની નાની મોટી યોજનાઓનો લાભ છેલ્લામાં છેલ્લા માણસને મળે તેવી ચિતા પણ કરે છે. જેથી સરકારના કામોનું માધ્યમ બનતા વીસીઈને વેતન બાંધી આપવામાં આવે તો એક સમયે તલાટીઓની પણ ગરજ સારે છે. આજે પણ તલાટી કમ મંત્રીઓને આપવાના દાખલા વગેરે અહીં કોમ્પ્યુટરમાંથી જ નીકળે અને તેની ઉપર તલાટીએ ચકાસણી કરી સહી જ કરવાની રહે છે. આવા કામો પણ કરતા આ વીસીઈને સરકારે તેની જનતા કલ્યાણની કામગીરીના કદરરૂપે પૂર્ણ સમયનું કામ અને એવું જ દામ વેતન મળે તેની અપેક્ષા રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્ય મંત્રી નિતીનભાઈ પટેલ સમક્ષ રાખી રહ્યા છે.

# પાલનપુરની સરકારી સિવિલ હોસ્પિટલ ખાનગીકરણની હિલચાલ સામે વિરોધ

પાલનપુર, તા. ૧૨

જીલ્લા મથક પાલનપુરમાં આવેલી મુખ્ય સરકારી હોસ્પિટલનું ખાનગી કરણ થવાની ચર્ચા શહેરમાં ટોક ઓફ ધ ટાઉન બની છે. છેલ્લા મળતી માહિતી મુજબ પાલનપુરની સિવિલ હોસ્પિટલને જીલ્લાની અગ્રીમ હરોળની સંસ્થાએ પોતાની હસ્તક લેવાના માટે તૈયારી બતાવી છે જેનું કાગળ પર કાર્યવાહી સિવિલ હોસ્પિટલને ખાનગી કરવાના મુદ્દે લોકો આંદોલન પર ઉતરી આવતા આ મુદ્દા પર મુકાઈ ગઈ હતી પરતું ફરી ખાનગી કરણનો પાલનપુર સિવિલનું ભૂત



કેટલાય સમય પાલનપુર સિવિલ હોસ્પિટલને જીલ્લાની અગ્રીમ હરોળની એક ખાનગી સંસ્થા દત્તક લઈ રહી હોવાની હવા તેજ બની છે. જો કે આ બાબતે સિવિલના સત્તાધીશો હાલમાં મૌન ધારણ કરીને બેઠા છે. સુત્રો પાસેથી જાણવા સરકારના દફતરે ચાલી રહી છે. જો કે પાલનપુર સિવિલ હોસ્પિટલ ખાનગી કરણ થવાની ચર્ચા તેજ બનતા કેટલાક દયાવાન લોકોએ આત્મહત્યા કરવાની મીડિયાના કેમરા સમક્ષ ચીમકી પણ આપી દીધી હતી. જો કે થોડાક વર્ષો અગાઉ ધુણવા લાગ્યું છે ત્યારે દલિત મહિલા સંઘઠનના પ્રમુખ સુમીબેન ચૌહાણે પાલનપુર સિવિલ હોસ્પિટલને ખાનગી સંસ્થાને સોપવાનો વિરોધ દર્શાવ્યો છે જો સરકાર કોઈ રોક નહિ લાવે તો આત્મવિલોપન કરવાની ચીમકી પણ આપી દીધી છે.

# બનાસ ડેરી દ્વારા લીંબોળી ખરીદવાની શરૂઆત કરાઈ

આપણા વડાપ્રધાન માનનીયશ્રી નરેન્દ્ર મોદી ખેડૂતોના હિત માટે કાર્યરત છે. નીમ કોટેડ



યુરિયા ખાતર ખેડૂતોને મળે જેથી કરીને જમીન ફળદ્રુપ થાય અને બિન ઝેરી પાકોનું ઉત્પાદન થાય અને ગ્રામીણ મહિલાઓને રોજગારી મળી રહે તેમજ દેશની મહિલાઓનું સશક્તિકરણ થાય તે માટે ગામડાઓ માંથી લીમડા ઉપરથી પાકીને ખરી પડતી લીંબોળી ખરીદવા માટે ગુજરાત નર્મદા વેલી ફર્ટીલાઈઝર એન્ડ કેમિકલ લિમિટેડેના સહયોગ અને બનાસ ડેરીના ચેરમેનશ્રી માનનીયશ્રી શંકરભાઈ ચૌધરીની સૂચનાથી લીંબોળી ખરીદવાની શરુઆત કરવા માટે તા.૧૨-૬-૨૦૧૭ના રોજ ડેરીના ઈન્ચાર્જ મેનેજિંગ ડિરેક્ટર બીપીનભાઈ પટેલ, શ્રી. કે સી કોરોટ (ઓ.એસ.ડી) તેમજ જી,એન.એફ.સીના શ્રી જે. કે. પટેલ (એરિયા હેડ કોર્પોરેટ), શ્રી આર.એલ પટેલ (એરિયા મેનેજર) તેમજ બનાસ ડેરીના વરિષ્ટ આધિકારીઓની ઉપસ્થિતિમાં લીલી ઝંડી બતાવીને વાહનને પ્રસ્થાન કરાવવામાં આવ્યું.

ઉપરોક્ત યોજનામાં બનાસ ડેરી સાથે જોડાયેલ દૂધ ઉત્પાદક મંડળી અને મિલ્ક કલ્કશેન સેન્ટરો મારફત ગ્રામ્ય દૂધ ઉત્પાદકો કે અન્ય ઈસમો પાસેથી લીંબોળી ખરીદીને જી.એન.એફ.સી. લિ ના નજીક સ્ટોરેજ સેન્ટર ઉપર મોકલવામાં આવશે. લીંબોળી ખરીદ યોજનાથી ગ્રામ્ય ગરીબ મહિલાઓ, દૂધ ઉત્પાદકો તેમજ જમીન વિહોણા ખેડૂતોને વધારાની આવક મળી રહેશે જેના કારણે તેઓના જીવન ધોરણમાં સુધારો થશે.

# ડીસામાં નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા હાઈવે રોડ પરના દબાણો દૂર કરાયા

ડીસા-રાધનપુર હાઈવે પર આજે નેશનલ હાઈવે ઓથોરીટીની ટીમ બુલડોઝર લઈને હાઈવેના સર્વિસ રોડ પર આચરાયેલા દબાણો હટાવવા માટે પહોંચી ગઈ હતી.. અને ડીસા શહેરની મધ્યમાંથી પસાર થતા નેશનલ હાઈવે પરથી દબાણો દુર કરીને હાઈવેના સર્વિસ રોડને ખુલ્લો કરી દીધો હતો.

ડીસા શહેરની મધ્યમાંથી પસાર થતો નેશનલ હાઈવે ટ્રાફિક ઝોન બનતો જઈ રહ્યો છે.. અને વાહન ચાલકોને અહીંથી પસાર થવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. જેને લઈ નગરજનો દ્વારા ડીસા નગરપાલિકા અને નેશનલ હાઈવે ઓથોરીટી સમક્ષ અસંખ્ય રજુઆતો કરવામાં આવી હતી. તેમ છતાં આ સમસ્યાનું નિવારણ આવતું ન હતું. ત્યારે વારંવારની રજુઆતને પગલે આજે અચાનક ઊંઘમાંથી જાગેલી નેશનલ હાઈવે ઓથોરીટીની ટીમ નેશનલ હાઈવે પર આચરવામાં આવેલા દબાણો દુર કરવા પહોંચી ગઈ હતી.. અને નેશનલ હાઈવે ઓથોરીટીની ટીમ દ્વારા આ કામગીરી હાથ ધરતા દબાણદારોમાં ફફડાટ મચી ગયો હતો. નેશનલ હાઈવે ઓથોરીટીની ટીમે આજે ડીસા શહેરના હાઈવે પર ગાયત્રી મંદિર વિસ્તારમાંથી કાચા અને પાકા દબાણો દુર કરતા રસ્તાઓ ખુલ્લા થઈ ગયા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, નેશનલ હાઈવે ઓથોરીટી દ્વારા દબાણની ઝુંબેશ શુરુ કરવામાં આવતા લોકોમાં એક પ્રકારનો રોષ પણ જોવા મળ્યો હતો.

# પાલનપુરમાં વિધર્મીએ સગીરાનું અપહરણ કર્યું હોવાની રાવ

## ચપ્પુની અણીએ બળજબરીથી સગીરાને ઉઠાવી ધમકી આપતા ચકચાર

પાલનપુરમાં એક વિધર્મી દ્વારા સગીરાના અપહરણનો મામલો પ્રકાશમાં આવ્યો છે. જે અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પાલનપુરના વીરબાઈ ગેટ વિસ્તારમાં થી ગત રાત્રે એક હિન્દૂ યુવતીનું અપહરણ થતા ચકચાર મચી જવા પામી હતી. મુસ્લિમ યુવક દ્વારા ધો.૮ માં અભ્યાસ કરતી સગીરાનું ચપ્પાની અણીએ બળજબરીથી અપહરણ કરાયું હોવાનું સગીરાના સ્વજનો જણાવી રહ્યા છે.

જોકે, સગીરાના અપહરણ બાદ તેની ફરિયાદ લેવામાં પોલીસ



ગલ્લાતલ્લા કરી રહી હતી તેવું પીડિત સગીરાના પરિવારજનોએ જણાવ્યું હતું. દરમિયાન, વિશ્વ હિન્દૂ પરિષદ સહિત હિન્દૂ સંગઠનના કાર્યકરો આ પીડિત પરિવારની વ્હારે ચડી પોલીસ સ્ટેશને આવી ચડ્યા હતા. બાદમાં પોલીસે આરોપી રિઝવાન ગુલામ સિંધી રહે.મફતપુરા, પાલનપુરવાળા સામે આઈ.પી.સી. ૩૬૩, ૩૬૬, ૫૦૬(૨) તથા એટ્રોસિટી એક્ટ મુજબ ગુનો નોંધી આરોપીને ઝડપી લેવાના ચક્રો ગતિમાન કર્યા છે.

# અરવલ્લી જિલ્લામાં નિઃશુલ્ક છ હજાર ચોપડાનું વિતરણ કરાયું

મોડાસા, તા.૧૨

અરવલ્લી જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં ૬૦૦૦ જેટલા ચપડાઓનું જરૂરતમંદ બાળકોને શાળાઓમાં જઈને નિઃશુલ્ક ચોપડાઓનું વિતરણ કરાયું હતું.

મોડાસા તાલુકામાં પણ આ પ્રવૃત્તિ હાથ ધરનાર નવીનચંદ્ર ત્રિવેદીએ જણાવ્યું કે ગુજરાત દિવ્ય જીવન સંઘના ઉપક્રમે અપાતાં આ ચોપડાઓ અંતરરિયાળ ગામોમાં જઈને સ્થાનિકોને સાથે રાખી જે તે શાળામાં આચાર્ય-શિક્ષકોની ઉપસ્થિતિમાં સીધા જ બાળકોના હાથમાં પહોંચે તેવા આયોજનથી વિતરણ કરવામાં આવે છે. ખાસ કરીને પછાત વર્ગના અને જરૂરિયાત વાળાઓ સંતાનો માટે આશીર્વાદરૂપ મોટા ચોપડાની સેવા બિરદાવાઈ રહી છે ત્યારે ત્રિવેદીએ આધ્યાત્માનંદજીનો આભાર માન્યો હતો. આ વર્ષે પણ આ પ્રવૃત્તિ હજુ ચાલુ છે.

# ધાનેરામાં ચાલતા ટયુશન કલાસોનો રાફડો

ધાનેરામાં શાળાઓમાં શિક્ષકો દ્વારા અભ્યાસ ક્રમ બાદ ખાનગી ટયુશનોનો રાફડો ફાટી નીકળ્યો છે. પગારના દસગુણી રકમ ટયુશનોના માધ્યમ દ્વારા કમાણી કરી રહ્યા છે. અને બાળકોને પાસ થવા માટે ફોસ પણ અપાઈ રયા છે તેવુ લોકો દ્વારા જાણવા મળેલ છે.

મોટી શાળાઓના આચાર્ય પણ મોટા પગાર હોવા છતાં ચાર ચાર પાળીમા મોટી રકમો લઈને ટયુશન કરી રહ્યા છે જે વળી ટયુશન કલાસોનો પણ રાફડો ફાટી રયો છે. મોટી જાહેરાતો આપીને લોકોને લોભામણી લાલચમાં લઈને લાખો રૂપિયા કમાઈ રયા છે અને ઈન્કમ છુપાઈ રયા છે. શાળાના શિક્ષણ વિભાગની ના કોઈ પરમીશન કાયદાની એસી તેસી કરીને વાલીઓ તથા બાળકોને ખુલ્લે આમ લુટ કરી રહ્યા છે. આ બાબતે ઈન્કમટેક્ષ વિભાગ તેમજ શિક્ષણ વિભાગ તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરશે.

# મોડાસાના તબીબનો ઐતિહાસિક ચલણી સિક્કા સંગ્રહનો અદભૂત શોખ

મોડાસા, તા.૧૧

મોડાસાના વતની અને હાલ મોરબી આયુર્વેદીક સરકારી હોસ્પિટલમાં મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવતા ડૉ. પિનાકીન પંડયા પાસે જુના જમાનાના અને અતિપૌરાણિક સિક્કાનો અદભૂત સંગ્રહ ૪૦૦૦ સિક્કાને પાર કરી ગયો છે. પિતા દ્વારા મળેલ પૌરાણિક સિક્કાથી પ્રેરાઈ ૧૩ વર્ષન અંતે અદભૂત સિક્કા સંગ્રહ કરવાનો શોખ આગળ વધાવ્યો છે.




ડૉ. પિનાકીન પંડયાના ઐતિહાસિક અને અતિપૌરાણિક સિક્કાઓમાં ઈન્ડોનેશિયા, પોર્ટુગીઝ, હુંડ ગુપ્તકાલ, ચાલુકાલ અનુ મૈતક કાલથી લઈને દેશી રજવાડા બ્રિટીશ શાસન કાળના અને ભારત કામીનીરી કોઈનના અને લુપ્ત થયેલા મોટા ભાગના સિક્કાનો અદભૂત સંગ્રહ કરવામાં આવ્યો છે. મોડાસા શહેરમાં બે દિવસીય અતિપૌરાણિક સિક્કા સંગ્રહનું પ્રદર્શન પણ યોજાઈ રહ્યું છે. ડૉ. પિનાકીન પંડયાના જણાવ્યા અનુસાર તેમના પિતા તરફથી વારસામાં મળેલા પૌરાણિક સિક્કાના સંગ્રહથી અભિભૂત થઈ ૧૩ વર્ષ પહેલા સિક્કા સંગ્રહ કરવાનું શરુ કર્યું હતું. સિક્કા મેળવવા માટે તેમણે ૧૩ વર્ષ ઘણી રઝળપાટ કરી વાસણ વેચતા, ભંગાર વેચતા, ફૂટપાથ પર વેચતા ફેરીયાઓ, ફકીરો, સોની પાસે અને અન્ય લોકો પાસેથી ખરીદી સિક્કા સંગ્રહ કર્યા છે.






## પાલનપુરમાં પાટીદારોના પ્રતિક ઉપવાસ

મહેસાણામાં પાટીદાર યુવાન કેતન પટેલના અપમૃત્યુના ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. ત્યારે આજે પાલનપુર ખાતે પણ પાટીદાર સમાજ દ્વારા ન્યાયની ગુહાર લગાવવામાં આવી હતી. પાલનપુરમાં કલેક્ટર કચેરી સામે આજે પાટીદાર સમાજના અગ્રણીઓએ પ્રતિક ઉપવાસ યોજ્યા હતા. પ્રતિક ઉપવાસ પર બેઠેલા પાટીદાર અગ્રણીઓએ મૃતક કેતન પટેલના અપમૃત્યુની ન્યાયિક તપાસની માંગ કરી હતી. જોકે, પ્રતિક ઉપવાસના કાર્યક્રમમાં આંગળીના વેઢે ગણી શકાય તેટલા લોકો જ જોડાતા કાર્યક્રમ 'ફ્લોપ-શો' પુરવાર થયો હતો.

# મોડાસાના કુડોલ ગામે ગટરના પાણી દલિત મહોલ્લા નજીક ઉભરાતાં નર્કાગાર જેવી સ્થિતિ

મોડાસા, તા. ૧૨

મોડાસાના કુડોલ ગામે ગામના પ્રવેશદ્વાર પર અને દલિત સમાજના ફળીયા નજીક છેલ્લા બે-ત્રણ મહિનાથી નર્કાગારની સ્થિતિ પેદા થઈ છે. આરોગ્ય વિભાગ ગાંધીનગર સહિત અરવલ્લી જિલ્લા આરોગ્ય વિભાગ, જિલ્લા વિકાસ અધિકારી, તાલુકા વિકાસ અધિકારી સહિત જિલ્લા કલેક્ટરને રજૂઆત કરવા છતાં ગટરના પાણી દલિત ફળીયા નજીક ઉભરાઈ રહ્યા છે. દલિત સમાજના લોકોને પીવાનુ પાણી પુરૂ પાડતા બોરમાં ગટરના પાણી ઉતરતા પાણીજન્ય ગંભીર રોગચાળો ફેલાવવાની દહેશત પેદા થઈ છે. કુડોલ ગ્રામ પંચાયત અને જવાબદાર તંત્ર દ્વારા દલિતો પ્રત્યે ઘોર બેદરકારી દાખવતા લોકોમાં ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે.



કુડોલ વણકર ફળીયા નજીક કુડોલ આખા ગામનુ ગટરનુ પાણી ભરાઈ રહેતા ગટરના પાણીનો યોગ્ય નિકાલ કરવામાં કુડોલ ગ્રામ પંચાયત સરપંચ અને તલાટી દ્વારા બેદરકારી દાખવતા દલિત સમાજના ફળીયામાં રહેતા લોકોની સ્થિતિ નર્કાગારમાં ફેરવાઈ ગઈ છે. વણકર ફળીયા નજીક ભરાઈ રહેલા ગંદા પાણીના કારણે કાદવ કીચડ અને મચ્છરોનો ઉપદ્રવ વધી ગયો છે. પરિણામે મેલેરિયા, ડેન્ગ્યુ જેવા રોગો થવાની આશંકા પેદા થઈ છે. આ જ જગ્યાએ દલિત ફળીયામાં પાણી પીવાનુ પુરૂ પાડતા પાણીનો બોર આપેલો છે અને બોરમાં ગટરના પાણી ઉતરતા પીવાનુ પાણી ગંદુ, દુર્ગંધ અને અસ્વચ્છ હોવાથી પાણીજન્ય રોગો ફેલાવવાની ભીતી સેવાઈ રહી છે. વણકર ફળિયાના લોકોએ કુડોલ ગ્રામ પંચાયતમાં વારંવાર રજૂઆત કરવા છતાં નઘરોળ તંત્ર આંખ આડા કાન કરતા વણકર સમાજના લોકોએ વહીવટીતંત્રથી આરોગ્ય વિભાગ ગાંધીનગર સુધી રજૂઆત કરવા છતા તંત્રનુ કે ગ્રામ પંચાયતનુ પેટનુ પાણી ન હલતા હાલત કફોડી બની ગઈ છે. વણકર સમાજના લોકોએ વહીવટીતંત્ર અને ગ્રામ પંચાયત દ્વારા યોગ્ય સફાઈ અભિયાન હાથ ધરવામાં નહિ આવે અને ગટરના પાણી દૂર કરવામાં નહિ આવે તો ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારી છે.

કુડોલ દલિત ફળીયા નજીક ધારાસભ્યની ગ્રાન્ટમાંથી ૧ લાખ રૂપિયાના ખર્ચે બનાવેલ ઓટલો ૧ મહિનામાં તુટી જતા અને કામ બરાબર ન થતુ હોવાની ફરિયાદ અને ઓટલો બનાવતા કોન્ટ્રાક્ટરનુ બીલ અટકાવતા જવાબદાર તંત્રમાં રજૂઆત કરવા છતાં બીલ મંજૂર કરી ભ્રષ્ટાચાર આદરવામાં આવ્યો હોવાનો ગામ લોકોએ આક્ષેપ કર્યો હતો. પોતે દલિત સમાજના હોવાથી જવાબદારતંત્ર અને વહીવટીતંત્રમાં તેમની રજૂઆતો ધ્યાનમાં લેવાતી નથી તેમ જણાવ્યું હતું.

# ડીસાના કંસારી ટોલ ટેક્ષ પાસેથી દારૂ ભરેલી ઈનોવા ગાડી ઝડપાઈ

## સ્થાનિક પોલીસ ઊંઘતિ રહી અને સ્ટેટ મોનિટરિંગ સેલે હાથ ધર્યું સફળ ઓપરેશન

ડીસા તાલુકા પોલીસ હદ માં કંસારી નજીક રાજસ્થાન માંથી ગુજરાત માં દારૂની હેરાફેરી થઈ રહેલી લક્ઝુરિયસ ઈનોવા ગાડી સ્ટેટ મોનીટરીંગ સેલ ગુજરાત રાજ્ય ની ટીમે ઝડપી પાડી છે જો કે ગાડી નો ચાલક ફરાર થઈ જતા પોલીસે ૭.૮૫ લાખ નો મુદ્દામાલ જપ્ત કરી બે સામે ફરિયાદ દાખલ કરી છે.

આ સમગ્ર બનાવ ની વિગત એવી છે કે રાજસ્થાન માંથી ગુજરાત માં વિદેશી દારૂની હેરાફેરી થઈ રહેલી હોવાની માહિતી મળતા સ્ટેટ મોનીટરીંગ સેલ ગુજરાત રાજ્ય ની ટીમે તપાસ હાથ ધરી હતી જેમાં રાજસ્થાન માંથી વિદેશી દારૂ ભરેલી ઈનોવા ગાડી ન.જી જે ૧૩ વી ૭૪૪૧ આવી રહી હોવાની માહિતી મળતા તેને કંસારી ટોલ ટેક્ષ પાસેઉભી રખાવવાનો ઈશારો કરતા તે ગાડી નો ચાલક ગાડી મૂકી ફરાર થઈ ગયો હતો જેથી પોલોસે વિદેશી દારૂ અને બિયર ની બોટલ નંગ. ૨૮૫૦ સહિત કુલ ૭.૮૫ લાખ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો જ્યારે ગાડી નો ચાલક સુમેરસિંહ ખેંગારસિંહ રાઠોડ અને દારૂ લેનાર બાદરસિંગ વાઘેલા સામે ગુન્હો નોંધી વધુ તપાસ ડીસા તાલુકા પી એસ આઈ એન એચ કુરેશી ચલાવી રહ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ડીસા તાલુકા પોલીસ હદ વિસ્તાર માં અગાઉ માલગઢ નજીક થી ડીસા તાલુકા પોલીસ ઊંઘતિ રહી અને અન્ય પૌલિસે ટ્રેક્ટર માં થી પાંચ લાખ થી વધુ કીમત નો દારૂ જડપી પાડ્યો હતો.ત્યારે આજે સ્ટેટ મૉનિટરિંગ સેલે કૅંસારિ નજીક થી મોટી રકમ નો વિદેશી દારૂ જડપી પાડતાં ડીસા તાલુકા પોલીસ ની કામગીરી પર અનેક સવાલો ઉભા થયા છે .



ભિલોડામાં કોંગ્રેસ હોદ્દેદારો અને કાર્યકરો ધ્વારા એસ.ટી.બસ સ્ટેન્ડ પાસે ધરણાનો કાર્યક્રમ યોજાયો હતો ત્યારે ટ્રાફીક ચક્કાજામ કરાયો હતો.ભિલોડામાં કોંગ્રેસ કાર્યકરો ધ્વારા ધરણાનો કાર્યક્રમ યોજાયો પોલીસ ધ્વારા કાર્યકરોની અટકાયત પોલીસ ધ્વારા ૪૦ હોદ્દેદારો અને કાર્યકરોની અટકાયત કરાઈ હતી.ભિલોડા કોંગ્રેસ સમિતી હોદ્દેદારો અને કાર્યકરોના જણાવ્યા મુજબ મધ્યપ્રદેશ રાજ્યના મંદસોરમાં ખેડુતોના આંદોલન દરમ્યાન પોલીસ ધ્વારા અત્યાચાર ગુજારતાં ગોળીબાર કરાતાં ખેડુતોના મોત નિપજ્યા હતા.જેના વિરોધમાં ભિલોડામાં કોંગ્રેસ હોદ્દેદારો અને કાર્યકરો ધ્વારા ધરણાનો કાર્યક્રમ યોજાયો હતો.